# શું આપના ચશ્માંના નંબર ખૂબ વધારે છે?

## તો રાજકોટની નેત્રદીપ આઇ હોસ્પિટલમાં ICL દ્વારા નંબર દૂર કરી શકાય છે તેમજ સ્પષ્ટ દ્રષ્ટિ મેળવી શકાય છે

સૌરાષ્ટ્રની અગ્રેસર **નેત્રદીપ આઇ હોસ્પિટલ** ૧૯૮૭ થી એડ્વાન્સ ટેકનોલોજી દ્વારા આંખની સંપૂર્ણ સારવાર માટે વિશ્વસનીય અને હંમેશાં અગ્રેસર રહી છે.

નેત્રદીપ આઇ હોસ્પિટલ પ્રા. લિ.ના સ્થાપક અને ડાયરેક્ટર ડૉ. વસંત સાપોવડિયા સાહેબ આંખોની સારવારમાં અને વિશેષતઃ આંખોના નંબર દૂર કરવાની સારવારમાં હંમેશાં પાયોનિયર રહ્યાં છે. નંબર ઉતરાવવાની વિશ્વકક્ષાની આધુનિક ટેકનિક અહીં ઉપલબ્ધ છે. જેમાં લેસર અથવા ICL (Implantable Collamer Lens) દ્વારા ચશ્માંના નંબર દૂર કરી શકાય છે. લેસર દ્વારા આપવામાં આવતી સારવાર જેવી કે કોન્ટુરા વિઝન લેસિક, ફેમટો લેસિક અને RelexSMILE વધુ પ્રસિદ્ધ છે અને બીજા વિકલ્પ તરીકે ICLને આંખની અંદર મૂકીને ચશ્માંના નંબર દૂર કરી શકાય છે.

ચશ્માંના નંબર દૂર કરવા માંગતા અમુક વ્યક્તિની આંખની કીકી (કોર્નિયા) પાતળી હોય, કીકીનું બંધારણ નબળું હોય, અને આંખોની ભીનાશ ઓછી (ડ્રાય આઇ) હોય આવા સંજોગોમાં લેસરથી નંબર દૂર કરવા હિતાવહ નથી ત્યારે **આંખના નંબર દૂર કરવા માટે EVO Visian ICL આધુનિક અને ઉત્તમ વિકલ્પ છે. જે નંબરના ચશ્માં અને કોન્ટેક્ટ લેન્સને કારણે દિન પ્રતિદિન અનુભવાતી સમસ્યામાંથી મુક્તિ અપાવી શકે છે.**

Visian ICLને યુરોપમાં ૧૯૯૭ થી અને અમેરિકામાં ૨૦૦૫ થી ચશ્માંના નંબર દૂર કરવાના ઉપાય તરીકે મંજૂરી અપાયેલ છે. અને આજ સુધીમાં નિષ્ણાત ડૉક્ટરો દ્વારા ૯,૦૦,૦૦૦ થી વધારે આંખોમાં ICL પ્રત્યારોપણ થયેલ છે. જેમાં ૯૯ % દર્દીઓ સંતુષ્ટ છે અને તેની માહિતી www.in.discovericl.com ઉપર ઉપલબ્ધ છે.

EVO Visian ICL ને અદ્યતન ટેકનોલોજીથી કોલોમર નામના મટીરિયલમાંથી બનાવવામાં આવે છે. જેમાં કોલોજન નામનું તત્વ હોવાથી તે આંખ સાથે બાયોકમ્પીટીબલ (શરીર માટે અનુકૂળ છે)

**ICLના ફાયદા :** તેજ અને સ્પષ્ટ દ્રષ્ટિ, પાતળી કીકી ધરાવનારને લાભદાયી, મધ્યમ કે વધુ દૂરના ચશ્માંના નંબર (Myopia) કે (Hyperopia) અને ત્રાંસા નંબર (Astigmatism) ની સારવાર માટે ઉપયોગી છે.

આંખના પડદાને યુ.વી. કિરણોથી રક્ષણ આપે છે. છેલ્લા ૨૦ વર્ષોથી યુરોપ, અમેરિકા અને એશિયામાં EVO Visian ICL નો ઉપયોગ ચશ્માંના નંબર દૂર કરવા માટે થઇ રહ્યો છે. અને હવેના સમયમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે.

નેત્રદીપ આઇ હોસ્પિટલમાં ICL દ્વારા નંબરની સારવાર ૨૦૧૦ થી કરવામાં આવે છે. ICL કોઇ પણ કુદરતી માંસપેશીને દૂર કર્યા વગર ચશ્માંને કાયમીપણે દૂર કરી શકે છે. ભવિષ્યમાં આપ જો ICL ને આંખમાંથી કાઢવા માંગતા હોય તો એ થઇ શકે છે. ભવિષ્યમાં આપની વય વધવાની સાથે દ્રષ્ટિમાં ફેરફાર થાય તો આ



લેન્સને સરળતાથી ફરી બેસાડી અથવા દૂર કરી શકાય છે.

ICL ને આંખની અંદર અતિ સૂક્ષ્મ (3 mm) કાપામાંથી મૂકવામાં આવે છે. અને આંખમાં મૂક્યા પછી તે લેન્સ બહાર દેખાતો નથી. આ પ્રક્રિયાને ૧૫ થી ૨૦ મિનિટનો સમય લાગે છે. આ પ્રક્રિયા માટે અગાઉ આંખનો દુઃખાવો દૂર કરતા એનેસ્થેસિયાના ટીપાં આંજવામાં આવે છે, આમાં ઇન્જેક્શન કે પાટા પીંડીની જરૂરિયાત રહેતી નથી. થોડા કલાકોમાં ઘરે જઇ શકાય છે. બીજા દિવસથી આપ આપની દૈનિક પ્રવૃત્તિ કરી શકો છો. ૨૧ થી ૪૫ વર્ષની વય ધરાવતા પુખ્તોમાં Visian ICLને મંજૂરી આપવામાં આવેલ છે. +/-૬.૦ D સુધીના ત્રાંસા નંબર તેમજ -૦.૫ થી -૧૮.૦ D સુધીના અને + ૦.૫ થી +૧૦.૦ D સુધીના ચશ્માંના નંબરની સારવાર થઇ શકે છે.

EVO Visian ICL™





હોસ્પિટલના સંચાલકો તરફથી EVO Visian ICL વિષે વધુ માહિતી માટે સંપર્ક કરવા જણાવાયું છે.

**નેત્રદીપ આઇ હોસ્પિટલ પ્રા. લિ.** કનક રોડ, બસ સ્ટેશન અને ભૂતખાના પાછળ, રાજકોટ.
ફોન : ૦૨૮૧-૨૨૨૫૧૯૦, ૦૨૮૧-૨૨૩૯૨૭૦.
info@netradeepeyehospital.com
www.netradeepeyehospital.com